# સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

**સલામી સવારની..**

છે બધા ભક્ષીં, કોણે કોને કહે તારું ગંધાય છે!
અને એટલે તો બધા રક્ષા-બંધને બંધાય છે,
રંધાય છે અંગત, ચૂંટણી-ધન-ફંડના બ્હાને -
ખંધાય સંબંધો તૂટેલા, સાંધા રેણથી સંધાય છે..
(સોલંકી નિર્દોષ - સાંઘાણી)
મંડળમાં ફાટફૂટ

**હાઈકુ**

રોજા-શ્રાવણ
ઉજવે અપવાસે -
અન્ના ની ટીમ..
(ત્રિફળા - વ્રત)

રામ દે'વાળી,
હવે કરશે કોણ?
પ્રણવ ખોટ!
(શીંદે શાંત - ચિદંબર ચૂપ)

## ચિંતન

**કરોતુ નામ નીતિજ્ઞો વ્યવસાય મિતલ્ત નઃ ।**
**ફલં પુનસ્ત દેવાસ્ય યુધ્ધિધેર્મનસિ સ્થિતમ્ ॥**

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા અધ્યાય - 'નસીબનો મહિમા' નો આ શ્લોક છે :-

'કાર્યની પધ્ધતિ-યોજના-આયોજનને પણ જાણનારો મનુષ્ય આમ તેમ માથાં મારી મારીને ગમે તેટલા ધંધા કરે પરંતુ તેનું ફળ તો તે નસીબે જ પોતાના મનમાં જે ધાર્યું હશે તે જ મળવાનું છે.'

અત્યારે વિશ્વમાં મંદી ચાલે છે, અત્યંત આધુનિક સાધન સંપત્તિ અને બૌધ્ધિક માનવધન ધરાવતા વિકસિત દેશો ચીન-જાપાન-અમેરિકા-બ્રિટન દેવા દેશો પાસે સંપત્તિ અને સાધન છે. આયોજન અને કાર્યપધ્ધતિ છે, નિષ્ણાંતનું બુધ્ધિધન છે.

છતાંય જાપાનમાં સુનામી આવતાં જે અણુ રિએક્ટરનો ભય ઉત્પન્ન થયો ત્યારે ત્યાં કેવી લાચારી ઊભી થઇ?

અમેરિકા જેવા આધુનિક દેશમાં વાવાઝોડાં વરસાદ અને ગરમીના કહેર આગળ એમનું આયોજન-વિચારણા-વિજ્ઞાન-કેવાં લાચાર બની તણાઇ ગયાં! અને ગરમીમાં શેકાઇ ગયા?!

ચીનની માનવ સંપત્તિ અને મહેનત પણ પુરમાં ખેંચાઇ ગઇ. નશીબ જો વાંકા હોય તો માણસ ગમે તેટલા ધમપછાડા કરે છતાંય પછડાટ ખાવાનું લખ્યું હોય તો ખાવી જ પડે. આ છે નશીબની બલિહારી..

## સુવિચાર

- પ્રેમ કોને, કયારે, કેવી રીતે થાય એ આવડત માત્ર સ્ત્રીઓમાં જ હોય છે - **મોંપાસા**
- પ્રેમ એ એકબીજાને જોયા કરવામાં નથી પણ બંને સાથે મળી એક જ દિવામાં જોવાની દૃષ્ટિ કેળવવામાં છે - **એન્ટોની**
- પ્રેમ કરનાર સંપૂર્ણ જ હોય એ જરૂરી નથી પણ તેનું હૃદય માનવતાથી છલોછલ હોય એ જરૂરી છે - **ઓસ્કાર વાઇલ્ડ**
- પ્રેમમાં પામવાની કોઇ પ્રવૃત્તિ નથી માત્ર આપવાની વૃત્તિ જરૂરી છે - **એસ. ભટ્ટાચાર્ય**
- પ્રથમ પ્રેમનો જાદુ એ છે કે એનો અંકૂર કયાંથી, કેવી રીતે, કયારે ફૂટ્યો એનાથી આપણે જ અજ્ઞાત હોઇએ છીએ - **લાઓત્સે**
- ખીલવા ન દે ભય, કરમાવા ન દે પ્રેમ - **પં. રત્નસુંદર વિજયજી**
- પ્રેમમાં જેટલું સાનિધ્ય, સંપર્ક વધારે એટલો પ્રેમ ગાઢ - **આર.કે. નારાયણ**

## બોધ કથા

સાચા સંત આવનારના ચહેરા પરથી તેનું મન અને વિચાર વાંચી શકવાની સિધ્ધિ ધરાવતાં હોય છે. એમની પાસે જનારા ખૂલ્લા મન અને નિખાલસ હૃદયનાં હોય તો જ સંતની કૃપા-આશીર્વાદ પામી શકે.

એકવાર સુલતાનપુરના નવાબને કાને વાત આવી કે ગુરૂનાનક મુસ્લિમ ધર્મની પણ તારીફ કરે છે એટલે તેમને દરબારમાં બોલાવ્યા અને કહ્યું, તમે મુસ્લિમ ધર્મની મહત્તાની વાત તો કરો પણ આજ તમે પણ મારી સાથે નમાજ પઢો!

ગુરૂનાનક સંમત થયા.

બે મુસ્સલા પથરાયા.

બાદશાહની નમાજ પણ પૂરી થઇ. જોયું તો નાનક તો ત્યાં જ ઊભાં હતા. બાદશાહે પૂછ્યું, અરે તમે તો આમ ને આમ, ઉભા જ રહ્યા! નમાજ કેમ ન પઢ્યા?

નાનક દેવે કહ્યું, 'નવાબ સાહેબ, આપ તો બગદાદની બજારમાં ઘોડા ખરીદવા માટે ઘોડેસવારીમાં હતા. ઘોડા પરથી ઉતરો પછી જ મને થયું આપની સાથે હું નમાજમાં જોડાઇ જઉં!!'

નવાબ સાહેબનું માથું શરમથી ઝૂકી ગયું. અદબથી કુર્નિશ બજાવી, યા અલ્લાહ! એક પણ શબ્દ બોલ્યા વિના ત્યાંથી સરકી ગયા.

# કંટાળીને મેં અહીંની વાટ પકડી! હવે હું અહિં રહું છું! તેમ બોલી તેઓએ આખા વૃધ્ધાશ્રમના બિલ્ડિંગ ઉપર નજર ફેરવી, તેમની વાત હજુ મને અધુરી લાગી...

## સર્જકો અને ભાવકો વચ્ચેનો સેતુ 'શબ્દ સેતુ'

સંપાદકો : નટવર હેડાઉ / મૂળજીભાઇ પરમાર 'દધિ'

### ● જ્ઞાનસાગર સેતુ

● ગંગા, જમના, નર્મદા, કાવેરી, ગોદાવરી જેવી નદીઓના જળને ''નાદેય'' કહેવાય.
● નીચેના જમીન તોડીને આવતા - વહેતા પાણીને **''ઔદભિદ''** કહેવાય.
● પર્વતના પેટાળમાં ખળખળ વહેતા જળના પ્રવાહને **''નિર્ઝર''** કહેવાય.
● સરોવરના પાણીને **''સારસ''** કહેવાય.
● વાવના પાણીને **''વાપ્ય''** કહેવાય.
● મોટા ખાડાના પાણીને **''ચૌણ્ય''** કહેવાય.
● નાના તળાવા પાણીને **''પાલ્લવ''** કહેવાય.
● વિરડાના પાણીને **''વિકરજળ''** કહેવાય.
● કૂવાન પાણીને **''કૌપ્ય''** કહેવાય.
● કયારાના પાણીને **''કેદાર''** કહેવાય.

- 'દધિ'

### ● તણખો

''જયાં 'રાજા' હોય ત્યાં 'પ્રજા' શબ્દ પ્રયોજાય. આપણે ત્યાં લોકશાસનની અર્ધી સદી સાથે ૧૫ વર્ષનાં વહાણાં વા'વા છતાં, આપણા નેતાઓ લેખકો, પત્રકારો સ્વતંત્ર ભારતના નાગરિકો 'પ્રજા' તરીકે ઓળખાવે છે. કોઈ પણ આઝાદ દેશમાં વસતાં માનવી 'નાગરિક' હોય છે, પ્રજા નહીં!

- દોલત ભટ્ટ

### ● સાભાર સ્વીકાર સેતુ

**(૧) બિરબલ બુધ્ધિ શારદત્ત (ભાગ ૧-૨)**

આ પુસ્તકમાં વિદ્વાન પંડિત શારદત્ત અકબર બાદશાહનાં રાજયના નવરત્નમાંના એક બિરબલના પાત્ર જેવું હાજર જવાબી અને કુશાગ્ર બુધ્ધિવાળું કાલ્પનિક પાત્ર છે. શારદત્ત ચતુર છે તે મણિપુર નરેશ રણવીરસિંહનો સાચો સલાહકાર છે. રાજકાજમાં ગૂંચવાયેલાં કામોનો એ સરસ રીતે ઉકેલ આણે છે. તેનામાં હોંશિયારી છે આવડત છે પણ તેનો દુરપયોગ કરતો નથી. પોતાની ચતુરાઈથી એ સૌને ન્યાય અપાવે છે. અને દગાબાજોને ઠેકાણે આણે છે. તે તેનો સૌથી મોટો સદ્ગુણ છે. જે એના પાત્રને સન્માનનો અધિકાર બનાવે છે. ચતુરાઈ ભરી આ કાલ્પનિક વાર્તાઓ બાળવાચકને સદ્બોધ આપનારી નિવડે તેવી છે.

**બિરબલ બુધ્ધિ શારદત્ત (ભાગ ૧-૨)**
**લેખિકા - અરૂણિકા દરૂ**
**પ્રકાશક - ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, રતનપોળ નાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ, કિંમત એક ભાગના રૂા.૮૦, પૃષ્ઠ-૧૩૨**

**(૨) મહાન મહિલાઓ**

જે એસંખ્ય મહાન મહિલાઓ થઈ છે તેમાંથી કેટલીક મહિલાઓનું પ્રેરણાદાયી જીવન આલેખવાનાં પ્રયત્ન અહીં લેખકે કર્યો છે. આવી મહિલાઓને લોકો ભૂલી ચૂક્યા છે. જે જે મહિલાઓના જીવનની થોડીક ઝલક બતાવાઈ છે તે દ્વારા સ્ત્રીઓ ધારે તો કેટકેટલું મહાન કાર્ય કરી શકે છે તે જાણી શકાય છે. આ પુસ્તકમાં જૉન ઑફ આર્ક, સંઘમિત્રા, ગૌરીપાર્વતીથી લઈને એની બીસેન્ટ, હેલન કેલર, મધર ટેરેસા, અને પુષ્પાબેન મહેતાના જીવનના પ્રેરક પ્રસંગો વાંચવા ગમે તેવાં છે.

**મહાન મહિલાઓ**
**લેખક - સ્વામી સચ્ચિદાનંદ, પ્રકાશક - ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, કિંમત રૂા. ૭૫, આવૃત્તિ - ૨૦૧૨, પૃષ્ઠ - ૧૭૨**

### ● હાસ્ય-તરંગ સેતુ

**દાંત કાઢવાથી બોખા ન થવાય !**

-અશ્વિનકુમાર એસ. પટેલ

**જયદેવ :** ખાતર સારું છે કે ખરાબ એ કેમ ખબર પડે?

**દિલીપસિંહ :** ખેડૂત તેના ખેતરમાં ખાતર નાખે તો સારું અને ચોર કોઈના ઘરમાં ખાતર પાડે તો ખરાબ.

●●●

**વૈભવ :** ચાવીને ખાવાથી શું થાય?

**જયદેવ :** દાંત તૂટી જાય અને તાળું ખૂલે નહીં

●●●

**જયદેવ :** આ વ્યક્તિને બૂરુ કર્યું છે એમ કયારે કરી શકાય?

**સહદેવ :** એ જયારે ખાંડને દળે ત્યારે.

●●●

**જયદેવ :** માણસ પહેલા માથેથી નીચે પડે અને અગિયારમાં માળેથી નીચે પડે એ બંનેમાં શું ફર્ક છે?

**દિલીપસિંહ :** જો પહેલાં માળેથી પડે તો અવાજ સાંભળવા મળે, 'ભફ... ઓ... ઓ... ઓ... આ ... આ... અને અગિયારમા માળેથી પડે તો સાંભળવા મળે, ઓ...ઓ... ઓ... આ... ભફ.'

●●●

**સહદેવ :** પોલીસ સ્ત્રીલિંગ છે કે પુલ્લિંગ?

**જયદેવ :** સ્ત્રીલિંગ.

**સહદેવ :** એ કેવી રીતે જરા સમજાવો.

**જયદેવ :** પોલીસ બોલાવી, પોલીસ આવી, પોલીસ ગઈ. પોલીસ ભાગી.

●●●

**વૈભવ :** નવું નવું અંગ્રેજી શીખનાર હાર્ડવેર અને નેચરનો અંગ્રેજી સ્પેલીંગ વાંચીને શું ઉચ્ચાર કરે?

**જયદેવ :** હરદ્વાર અને નટુરે.

### ● લઘુકથા સેતુ

**- ભરત પાઠક 'નયન'**

મને એનો હવે ડર નહોતો, હું દોડીને તેમની પાસે ગયો. મેં પૂછ્યું ય ખરું ''કાકા, તમે અહિં? વિક્રમ શું કરે છે? મેં જો વિક્રમનું નામ ન ઉચ્ચાર્યું હોત તો તે મને ન ઓળખે. પરંતુ તુરત જ જેની સ્મૃતિ જાગૃત હોય તેમ બોલ્યા :

તું બચુભાઈનો દીકરો? મેં 'હા' કહી. તેને મારું નામ પણ યાદ હતું. તેઓ મામલતદાર હતા. અને અમારી શે'રીમાં ટટ્ટાર ચાલીને નીકળતા. તે વખતે જો મેં કહ્યું હોય તો મને મારા નામથી ન બોલાવતે... કારણ કે ત્યારે તો હજું હું ભણતો હતો. વિક્રમને હું એક જ કલાસમાં મેટ્રીક સુધી.''

વૃધ્ધાશ્રમમાં હું નાની સેવાર્થે ગયેલો હતો. બહાર નીકળતાં જ મકવાણા સાહેબ મળી ગયા, તેમ જોઈને હું રાજી થયો. મારી શેરીનાં મારા ગામનાં મોટા સાહેબ, મને થયું કે પૅન્શન ઉપર ઉતરીને તેઓ અહિંયા કાંઈક ટ્રસ્ટ વગેરેમાં હશે. મારા આશ્ચર્ય વચ્ચે એણે મને વૃધ્ધાશ્રમના એક બાકડે બેસાર્યો. મારે પણ કાંઈક તેમને સાંભળવાની અને તેના બન્ને પુત્રો શું કરે છે? અને કયાં છે? તે જાણવાની ઈચ્છા હતી.

તેણે જ વાતની શરૂઆત કરી. મોટો દીકરો તો પહેલાથી જ જુદો કરી દીધો હતો. અને દારૂની લત્તે ચડી ગયો'તો. એની સાથે તો મારે કાંઈ લેવાદેવા નથી. પરંતુ નાનો વિક્રમ જે તમે બંને સાથે ભણતા તેની સાથે થોડોક સમય રહ્યા. અમે બંને રહ્યા. હું અને તમારા કાકી... થોડાક વરસ તો અમને સારી રીતે સાચવ્યા... તમારા કાકી ખૂબ ભોળા હતા... તેમના આગ્રહને વશ થઈને મારી પૅન્શન-ગ્રેજ્યુયેટીની રકમ તેને મકાન લેવા માટે આપી દીધી! તે અમને સારી રીતે બંને જણા રાખતા હતા. પરંતુ તમારા કાકીનું અચાનક અવસાન થયું. અફસોસ વ્યક્ત કરતાં -

- મેં એને વચ્ચે જ કહ્યું કે કાકા તમે મને તું કહેશો તો ચાલશે. પરંતુ એમનામાં વાણીનો વિવેક ગજબનો હતો.

તેઓ ફરી બોલવા લાગ્યા. મને એકલાને સાચવવાં તેને તકલીફ પડવા લાગી. ઘર નાનું લાગવા માંડ્યું! મારી ખાવાની થાળી ટાઢી આવવા મંડી. મારા કપડાં-લત્તા મેલા રહેવા લાગ્યા... મારો ઓઢાડ તો બદલાવ્યો નહીં ને હું છ મહિને એક દિવસ નીકળી ગયો. કંટાળીને મેં અહીંની વાટ પકડી! હવે હું અહિં રહું છું! - તેમ બોલી તેઓએ આખા વૃધ્ધાશ્રમના બિલ્ડિંગ ઉપર નજર ફેરવી. તેમની વાત હજુ મને અધુરી લાગી.

હળવે રહીએ તેઓ બોલ્યા :

'નાનો (વિક્રમ) મળે તો કહેજે કયારેક બાપને મળવા જતો હો!!' - મેં તેમની આંખમાં ઝળઝળીયા આવતા જોયા. ઊભઆં થતાં થતાં હું બોલ્યો - 'કાકા કયારેક કયારેક હું મળવા આવતો રહીશ.' તેની આંખ ભીની હતી, તેમાંથી બે આંસુ તુરત જ પડી ગયા... મને માંડ... માંડ સમજાય તેવું બોલ્યા...

- 'તમારા કાકી જીવતા હોય તો, હું અહિં (વૃધ્ધાશ્રમમાં) ન હોત!!'

# ભારત જ્યારે મોગલ શાસકોની એડી નીચે કચડાતું હતું ત્યારે ચિત્રકૂટના ઘાટ પર બેસી ચંદન ઘસતાં સંત તુલસીદાસે 'રામાયણ' મહાકાવ્ય દ્વારા પ્રજાની આંતરચેતનાને ઢંઢોળીને બેઠી કરી

## સંત તુલસીદાસ
**ભારતના હિંદી મહાકાવ્યના રચયિતા**

● **મોગલ શાસનની એડી નીચે ચગદાતા ભારતને સંત તુલસીદાસે જગાડ્યું**
● **તુલસીદાસ રામાયણ આજે તો ઘરઘરનો મહાગ્રંથ બની ગયું છે**
● **તુલસીકૃત રામાયણે રામચંદ્રજીને આદર્શ, અનુકરણીય ને જનતાના આરાધ્યદેવ બનાવ્યા**

સૈકાઓ પહેલાંની આ કથા છે. સન ૧૫૩૨ (વિ.સં. ૧૫૯૯) ની સાલમાં સંત તુલસીદાસનો જન્મ થયો. તેમનો જન્મ અશુભ નક્ષત્રમાં થયો હોઈ અંધશ્રધ્ધાળુ મા-બાપે તેમને નાનપણમાં જ ત્યજી દીધા. બિચારો તુલસી ઘેર ઘેર ભિક્ષા માગી પેટ ભરે. રાત્રે કોઈકના ઘરના ઓટલે સૂઈ રહે અને દયા ખાઈને કોઈકે આપેલા કપડાં પહેરે.

આવા તુલસી પર નરહરિદાસની નજર પડી. તેમણે તેણે ભણાવ્યો, ગણાવ્યો, ગુરુ નરહરિદાસ સુંદર રાગથી રામાયણના શ્લોકો બોલતા. એ સાંભળતાં તુલસી ભાવવિભોર બની જતો.


એ જમાનો હતો મોગલોના શાસનનો. ઈસ્લામે સ્થાપેલા મુસ્લિમ સામ્રાજયમાં હિન્દુ ભયથી જીવતો. પોતાપણું જાળવવા તેને ખૂબ મથવું પડતું. એક એવું હવામાન ઊભું કરાયું હતું કે જાણે ભારતનો મૂળ વતની હિન્દુ પોતાના જ દેશમાં બિચારો અને બાપડો બનીને જીવતો હતો.

એ ચૌદમી, પંદરમી અને સોળમી સદીમાં ભક્તિનો ધોધ વહેવા માંડ્યો. માત્ર ભક્તો નહીં સંતો, મહંતો, આચાર્યો હિન્દુ સમાજમાં ઘૂમી વળ્યા, રામાનુજાચાર્ય, રામાનંદ, ચૈતન્ય મહાપ્રભુ, વલ્લભાચાર્ય, કબીર, રૈદાસ, શંકરદેવ, જ્ઞાનદેવ, નરસિંહ, મીરાં વગેરે ભારતભરમાં ઘૂમી વળ્યાં. પરિણામે ઈસ્લામની દુહાઈ દઈને હિન્દુઓની થતી કનડગત અટકી પડી. એક રીતે જોઈએ તો તુલસીદાસ અકબરના સમકાલીન હતા. કહેવાય છે કે તે ટોડરમલના મિત્ર હતા.

ભારતના સાધુસંતોએ સમાજને બેઠો જરૂર કર્યો, પણ પોતાની વ્યક્તિ પ્રતિભાને ઉજાગર ન થવા દીધી. પોતાની પ્રસિધ્ધિને કામળો ઓઢાળી, માત્ર સમાજને આગળ કરતાં રહ્યા. પરિણામે આવા સાધુચરિત પુરૂષોના જીવનની માહિતી મળવી મુશ્કેલ બની રહે છે. તુલસીદાસજીનું પણ આવું જ છે.

અભ્યાસકાળ પૂરો થતાં ગુરૂની અનુમતિથી પોતાને ઘેર આવ્યા અને રામાયણની કથા કરવા લાગ્યા. તેમની વિદ્વત્તા જોઈને દીનબંધુ પાઠકે પોતાની કન્યા રત્નાવલી સાથે તેમનાં લગ્ન કર્યાં. જીવનમાં કયારેક હેતભરી હૂંફનો અનુભવ મળેલો નહિ એટલે રત્નાવલીનો એક ક્ષણનો વિલંબ પણ તે સહન ન કરી શકતા.

એકવાર તુલસીદાસ ઘેર ન હતા અને રત્નાવલીનો ભાઈ તેને તેડવા આવ્યો હોઈ તે પિયર પહોંચી ગઈ. રામકથા પૂરી થયે તે ઘરે આવ્યા તો પત્નીના પિયર ગયાના સમાચાર મળ્યા. એટલે તરત જ તેઓ સાસરે જવા નીકળ્યા. ઘનઘોર અંધારી રાત અને નદીનું ઘોડાપુર પરાણે પાર કરીને તેઓ સાસરે પહોંચી ગયા. તુલસીદાસના પ્રેમ છલોછલ વ્યવહારથી રત્નાવલી રાજી તો થઈ પણ તેને ઘેલછા બરોબર ન લાગી



અને એકાંત મળતાં જ તેણે કહ્યું : 'લાજ ન આઈ આપકો દૌડે આયે હુ આજ!' આવો પ્રેમ રામમાં રાખ્યો હોત તો ભવસાગર પાર થઈ જાત. અને જાણે પૂર્વસંકેત થયો હોય તેમ આ ટકોરા વાગતાં પાછા વળ્યાં અને સીધા પહોંચ્યા કાશી.

કહેવાય છે કે કાશીમાં તેઓ રામઘાટ પર રહેતા. ત્યાં તેમને હનુમાનજીનો સાક્ષાત્કાર થયો અને જાણે સંકેત મળ્યો ચિત્રકૂટ જવાનો. તુલસીદાસ ચિત્રકૂટ ગયા. ત્યાં રામકથા કરતા અને ચંદન ઘસતા, ભક્તોને તિલક કરી રામકથા કહેતા. આમ જ એકવાર એ ચંદન ઘસતા હતા અને ભગવાન રામ ત્યાં આવ્યા. તુલસીએ તેમને ચંદન કર્યું અને ધન્ય થઈ ગયા.

**ચિત્રકૂટ કે ઘાટ પે ભઈ સંતન કી ભીર**
**તુલસીદાસ ચંદન ઘસે તિલક કરે રઘુવીર**

તુલસીદાસની કલમ હવે દોડવા માંડી. હિન્દી સાહિત્યમાં એક દોહો છે.

**સૂર સૂર તૂલસી શશી, ઊડુગણ કેશવદાસ**
**અબસે કવિ ખદ્યોતસમ, જહાં તહાં કરે પ્રકાશ**

સૂરદાસ હિન્દી કાવ્યોમાં સૂર્યની જેમ પ્રકાશે છે તો તુલસીદાસ ચંદ્રની જેમ પ્રકાશે છે. કેશવદાસ પક્ષીની માફક મનગમતાં વિષયો વિશે કાવ્યો કરે છે અને આજના કવિઓ તો આગિયાની જેમ ગમે તેવા વિષયો પર કાવ્યો લખે છે. કેટલાક તુલસીભક્ત કવિઓને આ ખૂંચ્યું એટલે આ દોહાના પહેલી પંક્તિમાં થોડો ફેરફાર કર્યો.

**સૂરશશી તુલસીરવિ ઉડુગણ કેશવદાસ.**

કેટલાકે સૂરદાસને સૂર્ય કહ્યા તો કેટલાકે તુલસીને સૂર્ય કહ્યાં પણ આ બે મહાકવિઓને તો આની કશી જ ન પડી હતી.

તુલસીદાસે રામભક્તિના બારેક જેટલાં ગ્રંથોની રચના કરી. તેમણે રામાયણની રચના કરી એટલું જ નહીં પણ ગામેગામ આ રામાયણની કથા દ્વારા મોગલોના સમયમાં હિન્દુ ચેતનાને પ્રજ્જવલિત કરી.


તુલસીદાસ રામાયણ ઘેર ઘેર જાણીતું થયું.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**

## આજના દિવસનો મહિમા
**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૪થી ઓગષ્ટ**

● વિખ્યાત ધારાશાસ્ત્રી છ સાત-ગોરા ધારાશાસ્ત્રીઓની ઇજારાશાહી વચ્ચે 'પારસી ટીચર્સ ઓફ સાયન્સ' નો કેસ જીતીને સફળતાના સોપાનો સર કરનારા મુંબઇના રાજકીય નેતાનો જન્મદિન ૪-૮-૧૮૪૫.



● ૩જી ઓગષ્ટ ૧૪૯૨ ક્રિસ્ટોફર કોલંબસે અમેરિકા ખંડ શોધ્યો.
● ૧૮૮૮ પુરૂષોત્તમ ગ. માવળંકરનો જન્મદિન.
● ૧૮૮૫ બાબા આમ્ટેને જાહેર સેવા માટે મેગ્સેસે એવોર્ડ એનાયત.
● ૧૯૦૦ બ્રિટીશ



રાણી ઇલિઝાબેથનો જન્મ.
● ૧૯૨૦ માં ગાંધીજીએ હકારની ચળવળ શરૂ કરી.
● વડોદરા રાજયમાં પેટલાદ સૌપ્રથમ પુસ્તકાલય શરૂ થયું - ૧૮૭૩.

# પરીક્ષામાં વધુ માર્ક્સ નહીં - જીવનની સફળતા એટલે સમજદારીમાં વધારો

## આવો! સહચિંતન કરીએ...
**- ડો. નાનકભાઇ ભટ્ટ**

જીવનમાં સફળ બનવું એટલે કંઈક મેળવવું તેવો અર્થ કરવા આપણે ટેવાઈ ગયા છીએ. બાળકને તેનાં માતા-પિતા ટોકતાં રહે છે : 'ભાઈ, ભણ, નહીં તો જિંદગીભર મજૂરી કરતો રહીશ.' 'દીકરી, ઘરનું કામ શીખ, નહીં તો સાસુ-સસરાંનાં મહેણાં સાંભળથી રહીશ.' 'દીકરા કંઈક કમાણી ભેગી કર, નહીં તો ઘરડે ઘડપણ કોઈ હાથ નઈ ઝાલે!' શિખામણો, લાલચ અને ભય દેખાડવામાં આવે છે અને ધારણા કરવામાં આવે છે કે ભણવાથી, ઘરકામ કરવાથી, ભૌતિક સાધન-સગવડ એકત્ર કરવાથી જીવન સફળ થઈ જાય છે.

આવી કંઈક અંશે ખોટી અને ભ્રામક સમજણ આપણે નવી પેઢી સુધી પહોંચાડી છે. પરિણામે આજે ગામડાંમાં રહેતા તમામ યુવાનોની નજર શહેરની સાધન સગવડવાળી જિંદગી તરફ ઠરી છે. અને શહેરમાં રહેતા શ્રમિકો, દેવું કરીને પણ ટી.વી., ફ્રિઝ, મોબાઈલ ફોન જેવાં સાધન વધારવાની ઈચ્છા રાખે છે. એટલું જ નહીં પણ ઈચ્છાપૂર્તિને પોતાની સફળતાનું પહેલું કદમ માને છે. આથી ગામડાં ભાંગતાં જાય છે અને શહેરોમાં વસ્તી વિસ્ફોટની સ્થિતિ સર્જાતી જાય છે.

જે વિચારને આધારે આપણો સમાજ ટક્યો છે. આપણું ગામ, દેશ તથા તેની ૫૦૦૦ વર્ષ જૂની સંસ્કૃતિ ઊભી છે તે વિચાર મુજબ સમાજમાં વ્યક્તિના જીવનની ભૌતિક ઉપલબ્ધિ માટે ઝાઝુ સન્માન નથી. માત્ર સાધન સુવિધાને તો કયારેય સફળતા સાથે જોડી શકાય નહીં. ત્યારે પ્રશ્ન થાય છે કે જીવનમાં સફળતા એટલે શું?

એમર્સન નામે વિદ્વાન ચિંતક કહે છે કે, ''આનંદમાં રહેવું, બુધ્ધિમાન લોકોમાં માન પામવું, બાળકોની ચાહના મેળવવી, આપણી ટીકા કરનારાઓની કદર કરવી, ચાડી-ચુગલી કરનાર મિત્રોની બૂરાઈ માફ કરવી, સૌંદર્યની કદર કરવી અને જે કંઈ ઉત્તમ હોય તેમાંથી જ્ઞાન મેળવવું, પોતાની પાછળ તંદુરસ્ત સંતાનો અને ફળફૂલથી ભરેલું એકાદ વૃક્ષ છોડતા જવું, સમાજ પ્રત્યેનું ઋણ વાળીને એકાદ જણને શાતા વળે તેવું કંઈ કરતા જવું, આપણા સમાજને થોડા ઘણા અંશે પણ વધુ સારો બનાવવા જવું આ બધા માટેનો પ્રયત્ન એ જ સાચી સફળતા છે.''

વ્યક્તિની સફળથા અંગેના વિચારનું આચરણ કાબર અને કાગડાની વાર્તામાં પણ રહેલ છે. એક વખત કાબર અને કાગડાએ ખેતર વાવવાની સમજૂતી કરી. કાબર અને કાગડો, બંનેને બાજરી ભાવે, આથી ખેતરમાં બાજરી વાવવાનું નક્કી કર્યું. પરંતુ કાગડાની દાનત વગર મહેનતને લાભ લેવાની હતી. આથી જયારે મહેનત કરવાનો વારો આવ્યો ત્યારે કાગડાએ કાબરને ખેતરે મોકલી અને પોતે ચાંચ ઘડાવ છે તેવું બહાનું કાઢી આળસ કરતો રહ્યો. પણ પછી સૌ જાણે છે તેમ કાગડાના ભાગે બાજરીના ઢૂસણાં આવ્યાં.

અહીં સાર એ છે કે સર્જનશીલ બનવું એ જ સાચી પ્રાર્થના છે. જીવનમાં તેથી વધુ કંઈ મહત્ત્વ નથી. સ્વરાજની લડત વખતે ગાંધીજીએ કહ્યું, ''મહેનત એ વ્યક્તિની પોતીકી મૂડી છે. તમારી હૈયાસૂઝ વધારશો, અરસપરસ સહયોગ સાધશો અને તમારી શક્તિને જાણતા થશો, તો મૂડીદારોની લાલચ તમને તાબામાં રાખી શકશે નહીં. તમારા મનનાં માલિક બનો, હૃદયથી નિર્ભય બનો, જાત માંડીને કામ કરવા તૈયાર થાઓ અને પછી જુઓ તમે પહાડ જેવી આફત પણ ઓળંગી શકશો.''

જીવનમાં સફળતા એટલે ભૌતિક સાધન-સગવડોની માલિકી નહીં પરંતુ સ્વમાનભેર - સ્વાવલંભી રહી પોતાની બુધ્ધિ અને આત્મશ્રધ્ધાનો વિકાસ સાધવો. દુનિયાદારીના ચડઊતર જોઈને પાકટ ઉંમરે પહોંચેલ એક બાપ પોતાનું બાળક સફળ બને તેવી આશાએ સંતાને પત્ર લખે છે.

પિતા પુત્રને લખે છે : 'મારા વ્હાલા સંતાન તું સારાં સારાં પુસ્તકો વસાવતો રહેજે, કોઈને વિશે આશા સમૂળગી ત્યજી દેતો નહીં, ચમત્કારો દરરોજ થાય છે, દરેક બાબતમાં ઉત્તમતાનો આગ્રહ રાખજે, અને તેની કિંમત ચૂકવવા તૈયાર રહેજે, તદુંરસ્તી એની મેળે જળવાઈ રહેવાની છે એમ ન માનતો, તારી નજર સામે સતત કશુંક સુંદર રાખજે - ભલે પછી તે એક પ્યાલામાં મૂકેલું ફૂલ જ હોય. આપણાથી જરીક જેટલું થઈ શકે તેમ છે તેવું લાગે માટે કશું જ ન કરવું એમ નહીં, જે થોડુંક પણ તારાથી થઈ શકે તે કરજે. સંપૂર્ણતા માટે નહિ, પણ શ્રેષ્ઠતા માટે મથજે. જે તુચ્છ છે તેને પારખી લેતાં શીખજે, ને પછી તેની અવગણના કરજે. ઘસાઈ જજે, કટાઈ ન જતો. પોતાની જાતને સુધારતા રહેવાની પ્રતિજ્ઞા લેજે. હારમાં ખેલદિલી બતાવજે, જીવનમાં વિનમ્રતા બતાવજે, મિત્રોની પ્રશંસા જાહેરમાં કરજે, ટીકા ખાનગીમાં. લોકોમાં જે સારપ હોય તે ખોળી કાઢજે. તું કુટુંબને કેટલું ચાહે છે તે તારા શબ્દ વડે, સ્પર્શ વડે, તારી વિચારશીલતા વડે બતાવતો રહેજે. પોતાની જાતમાં પરિવર્તન લાવવાની આપણી શક્તિઓ આંક કદી ઓછો ન આંકવો, બીજાઓમાં પરિવર્તન લાવવાની આપણી શક્તિનો વધુ પડતો આંક ન માંડવો, કયારે મૂંગા રહેવું, કયારે મૂંગા ન રહી શકાય તેનો પણ વિવેક દાખવજે, પણ ગંદકી સામે તો જંગ માંડજે.

**(અનુસંધાન પાના નં. ૬ પર)**